# // ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ //

બ્લોક/સર્વે નંબર : ૨૫૨/૨૭૬, ટી.પી. નં. ૩, એફ.પી. નં. ૨૫૫.

ગામ : કલોલ, તા. કલોલ, જી.ગાંધીનગર.


**હેમાંગ બી. પટેલ**

**એડવોકેટ**

ENROLMENT : G/2068/2013

મો. ૯૮૨૪૪ ૩૭૩૨૪

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.

# // ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ //

વિષય :: ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે તાલુકે કલોલના મોજે ગામ કલોલની સીમના રેવન્યુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ ની ૪૦૪૭ ચો.મી. જમીનનો ઔડા ધ્વારા ટી.પી. સ્કીમ નં. ૩ માં સમાવેશ કરી ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૫૫ ની ૨૪૨૭ ચો.મી. રહેણાંક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન સંબંધે ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ...,

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar

ઉપરોકત વિષયમાં જણાવેલડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે તાલુકે કલોલના મોજે ગામ કલોલની સીમના રેવન્યુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ ની ૪૦૪૭ ચો.મી. જમીનનો ઔડા ધ્વારા ટી.પી. સ્કીમ નં. ૩ માં સમાવેશ કરી ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૫૫ ની ૨૪૨૭ ચો.મી. રહેણાંક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન અંગે તુલસી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના ભાગીદાર હીતેષભાઈ કમલેશભાઈ પટેલએ અમો પાસેથી ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતની સર્ટીફીકેટની માંગણી કરી અમોને નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડેલા.

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



(૧) મોજે કલોલની સીમના સર્વે/બ્લોક નં. ૨૫૨/૨૭૬ નો નમુના નં. ૭ નો ઉતારો

(૨) મોજે કલોલની સીમના સર્વે/બ્લોક નં. ૨૫૨/૨૭૬ નો નમુના નં. ૧૨ નો ઉતારો.

(૩) મોજે કલોલની સીમના સર્વે/બ્લોક નં. ૨૫૨/૨૭૬ નો નમુના નં. ૮ નો ઉતારો.

(૪) મોજે કલોલની સીમના સર્વે/બ્લોક નં. ૨૫૨/૨૭૬ ના નમુના નં. ૭/૧૨ નો ઉતારો સને–૧૯૫૨–૫૩ થી ૨૦૧૮–૧૯.

(૫) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૬૮૧૬/૨૦૧૮ તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજની નકલ.

(૬) ફેરફાર નોંધની નકલો.

આમ, ઉપરોક્ત પ્રમાણેના દસ્તાવેજી પુરાવાઓ તેઓએ અમોને પુરા પાડી સદરહુ જમીન સબંધે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા જણાવતાં નીચેની હકીકતો સ્પષ્ટ થાય છે.

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT : G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



## || ટાઈટલ કલીયર રીપોર્ટ ||

(૧) મોજે કલોલ, તા. કલોલ, જી.ગાંધીનગની સીમની નીચે જણાવેલ વર્ણનવાળી મીલકત આવેલ છે.

| ગામ | સર્વે નંબર | ટી.પી./એફ.પી. નંબર | ક્ષેત્રફળ | પ્રકાર |
|---|---|---|---|---|
| કલોલ, તા. કલોલ, જી.ગાંધીનગર. | ૨૫૨/૨૭૬ | ટી.પી. સ્કીમ નં. ૩, એફ.પી. નં. ૨૫૫ ( સીટી સર્વે નં. ૪૭૨૦) | સર્વે નંબરની ૪૦૪૭ ચો.મી. જમીનમાંથી ૪૦% કપાત બાદ કરી ફાઈનલ પ્લોટની વરાડે પડતી ફાળવેલ ૨૪૨૭ ચો.મી. જમીન | બીનખેતીની ખુલ્લી જમીન |

ખુંટ વર્ણન ::–

પુર્વે : પુષ્પકુંજ સોસાયટી આવેલ છે.

પશ્ચિમે : ખુલ્લી જગ્યા આવેલ છે.

ઉત્તરે : બનાસનગર આવેલ છે.

દક્ષિણે : જયવિજય સોસાયટી આવેલ છે.

એ રીતેના ઉપરોકત વર્ણનવાળી ખેતીની જમીનને આ કામે સરળતા ખાતર "સદરહુ જમીન" એ રીતેના શબ્દથી સંબોધવામાં આવેલ છે.

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
# હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT : G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



(૨) સદર જમીન ઠાકોર જગતસીંહજી માનસીંહજી બારખલી સણંદ નંબર : ૧૬૩૦ તા.૨૩/૧૧/૧૧ પ્રમાણેની ગા.ન.નં. ૬ ના હકક પત્રકે ફેરફાર નોંધ નંબર : ૮૧૯ ની પડેલ છે.

(૩) સદરહુ સર્વે નંબરવાળી જમીન જગતસિંહજી માનસિંહજીના કાપણી માટે પા. કાશીરામ ઈશ્વર ખેડ હેડે ચાલતી આવેલ જેથી સદરહુ જમીનમાં ટુકડા ધારાની કલમ હેઠળ નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નંબર : ૯૦૯ ની પડેલ છે.

(૪) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ ની જમીન ભુતપુર્વ વડોદરા રાજ્ય વખતની બીન બાંહેધરી પાત્ર સદરની ઈનામી જમીન હતી તે અને જયારના મુંબઈમાં ભળેલા પ્રદેશોમાં પ્રવર્તમાન જુદા જુદા પ્રકારના દુમાલા વહીવટ નાબુદીધારા અન્વયે તા.૧/૮/૫૫ થી અને તે ધારાની કલમ–૯ પ્રમાણે કલોલ તાલુકાના મામલતદાર સાહેબનો ઠરાવ કરેલો તેમાં ગણોતીયા ઠરાવેલા. તે સિવાય વાળા ઈસમો ગણોતીયા છે તે બાબર નથી તેમ ઠરાવેલ છે. પરંતુ ગણોતધારા પ્રમાણે "અવાચ્ય" કાશીરામ ઈશ્વરભાઈ દશાવેલ છે જે અંગેની રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નંબર : ૨૪૦૬ ની પડેલ છે.

(૫) સર્વે નંબર : ૨૫૨/૨૭૬ ના ગણોતીયા પા. શીવાભાઈ ધ્વારકાદાસ અને જમીન માલીક જગતસિંહજી માનસિંહજી ની સદર જમીનો અંગે ગ.ધા.ક. મુજબ ગણોતીયાનું વેચાણ તે અંગેની રેવન્યુ રેકર્ડ

HEMANG B. PATEL
ADVOCATE
Gandhinagar

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT : GJ/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



ફેરફાર નોંધ નંબર : ૨૪૭૪ ની તા.૨૫/૨/૬૫ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૬) સદરહુ જમીનમાં કલોલ નગરપાલિકા વિસ્તારમાં લેવા જાહેરનામું અંક–૧૨૬૯, ૧૫૮૬/૭૦ ઘ, તા.૨૩/૦૨/૭૦ નું ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ સેન્ટ્રલ સેકશન ધ્વારા પ્રસિઘ્ધ થવાથી તેનો અમલ તા.૨૮/૦૨/૧૯૭૦ થી થવાથી અગાઉની નોંધ નં. ૧૩૦૧/૧ થી ૪૯૭ ની પડેલી નોંધો રદ કરવા સારૂ મામલતદાર કચેરીના હુકમ નં. જમીન/આર.સી.એસ./૬૧૦ તા.૧૧/૦૩/૭૦ ના રોજ હુકમ થયેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૩૪૧૯ ની પડેલ છે.

(૭) સદરહુ જમીનના ખાતેદાર કાશીરામ ઈશ્વરદાસનું તા.૨૧/૧૨/૭૧ ના રોજ ગુજરી જવાથી તેમના વારસદાર સોમાભાઈ કાશીરામનું નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૩૬૭૭ ની તા.૨૦/૦૩/૭૨ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૮) સદરહુ જમીન વારસાઈ હકકે પા. સોમાભાઈ કાશીરામના નામે દાખલ થયેલ જેની અપીલ થઈ મે. પ્રાંત સાહેબ મહેસાણાનો હુકમ નં. આરટીએસ વિવાદ–૨૦/૭૩ તા.૨૮/૮/૭૩ નો થઈ આવી વિવાદી : પા. હરજીવનદાસ ઈશ્વરદાસ તથા પ્રતિવાદી :

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar



પા.કચરાભાઈ છગનભાઈ તથા પસાભાઈ બબાભાઈ તથા સોમાભાઈ કાશીરામ એમ ચાર સમુહ ખાતે દાખલ કરવા સારૂ ફેરફાર નોંધ નંબર : ૩૯૪૬ ની તા.૧૧/૧૨/૭૩ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૯) સદરહુ સર્વે નંબરવાળી જમીનમાં મે. ટેનન્સી મામલતદારશ્રી કલોલના હુકમ નંબર : ગણોત–કલોલ–XIII–૧૨૫ તા.૧૪/૦૧/૭૨ ના રોજ થવાથી ઠાકોર જગતસિંહજી માનસિંહજીના ગણોતીયાઓએ પા. કાશીરામભાઈ ઈશ્વરભાઈએ રૂા.૮૬૭.૩૨ નું ભરપાઈ થયેલ હોઈ ન.નં. ૯ નો આદેશ આપવાથી જમીન માલીકનું નામ કમી ગણોતીયાનો કબજેદાર તરીકે દાખલ કરવા નોંધ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૬૨૨૪ ની પડેલ છે.

(૧૦) સદરહુ સર્વે નંબરવાળી જમીન સોમાભાઈ કાશીરામ પટેલ, કચરાભાઈ છગનભાઈ પટેલ, મણીભાઈ હરજીવનદાસ પટેલ, પસાભાઈ બબાભાઈ પટેલ વિગેરેએ તા.૧૬/૦૨/૮૬ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજથી ચમાર કેવલભાઈ વાલજીભાઈ, પરમાર રમણભાઈ દુધાભાઈ તથા શકુન્તલાબેન મંગળભાઈ શ્રીમાળીને વેચાણ આપેલ આ નામ ફેર કરવાની ફેરફાર નોંધ નંબર : ૬૩૯૪ ની તા.૧૧/૦૬/૮૬ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013

રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



(૧૧) સદરહુ જમીનમાં પડેલ ફેરફાર નોંધના વિવરણમાં હકકના પ્રકારમાં જણાવ્યા મુજબ જગતસિંહ માનસંગજી, પા. કાશીરામ ઈશ્વરભાઈ વિગેરેનું નામ દર્શાવવામાં આવેલ છે જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૬૫૦૩ ની પડેલ છે.

(૧૨) સદરહુ જમીનમાં મે. મામલતદાર સા. કલોલના પત્ર નં. જમીન–વશી/૯૧–૯૬ તા.૨૮/૦૨/૯૬ આધારે જમીન દફતરનો વહીવટ અધતન કરવા સીટી સર્વે વિસ્તારોનું ખેતી સિવાયનું ગામ દફતર તલાટીઓએ બંધ કરવા બાબત મે. કલેકટર સાહેબ મહેસાણાના નં. સીટી–એસ–વશી/૧૧૨ થી ૧૫૨/૯૬ તા.૧૦/૦૧/૯૬ આધારે ગુજરાત સરકાર મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : સીટી.એસ.–વશી/૧૦૯૦/૩૦૯૦/હા–સચિવાલય ગાંધીનગર તા.૨૭/૦૨/૧૯૯૫ ના આધારે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૨૬ હેઠળ જાહેર કરાયેલ સીટી સર્વે હદમાં સમાવેશ થતાં રેવન્યુ સર્વે નંબરોમાં નોંધ કરવા અને ખેતી સિવાયના હેતુ માટે વપરાતી જમીનોનું ગામ દફતર ગા.ન.નં. ૧, ૨, ૩ તથા ૭/૧૨ માં સીટી સર્વે લીમીટમાં જવાથી કમી કરવા ઉપરોકત પરિપત્ર તેમજ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ કલોલશ્રીના પરિપત્ર નં. સીટી/એસ/વશી/૨૭૬/૯૬ તા.૧૭/૬/૯૬ આધારે નોંધ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૮૯૨૯ ની પડેલ છે.

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪

# હેમાંગ બી. પટેલ

એડવોકેટ

ENROLMENT : GT/2068/2013

રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



(૧૩) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ વાળી જમીન બાબતે મે. જિલ્લા કલેકટરશ્રી ગાંધીનગરના હુકમ નં. સીબી/ગણોત/વશી–૫૦૨૯ થી ૫૦૩૬/૨૦૧૫ તા. ૧૩/૦૮/૨૦૧૫ ના રોજ હુકમ થતાં સદરહુ સર્વે નં. ૨૫૨/૨૭૬ ની ક્ષે. ૪૦૪૭ ચો.મી. પ્ર.સ.પ્ર. ની જમીનમાં ખેતી–ખેતીના હેતુ માટે શરતફેર કરવા મંજુરી આપવાનો હુકમ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૪૭૦૭ ની તા.૨૭/૦૮/૨૦૧૫ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૧૪) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ વાળી જમીન મે. જિલ્લા કલેકટરશ્રી ગાંધીનગરના હુકમ નં. સીબી/ગણોત/વશી–૫૦૨૧ થી ૫૦૨૮/૨૦૧૫ તા.૧૩/૦૮/૨૦૧૫ ના રોજથી હુકમ થતાં સદરહુ સર્વે નં. ૨૫૨/૨૭૬ ની ક્ષે. ૪૦૪૭ ચો.મી. ટી.પી. નં. ૩ એફ.પી. નં. ૨૫૫ મુજબ ક્ષે. ૨૪૨૭ ચો.મી. પ્ર.સ.પ્ર. વાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે શરત ફેર કરવા માત્ર પ્ર.સ.પ્ર. ના નિયંત્રણો દુર કરવા હુકમમાં રહેલ ૧ થી ૧૮ શરતોને આધીન મંજુરી આપવા હુકમ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૪૭૦૮ ની તા. ૨૭/૦૮/૨૦૧૫ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૧૫) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ વાળી જમીન અંગે કલેકટરશ્રીના બીનખેતીના હુકમ નં. સીબી/જમીન/બી.ખે./એસઆ/૩૯/

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



૦૪/વશી/૨૮૯૬૦ થી ૨૮૯૭૫/૨૦૧૫ તા.૧૦/૧૨/૨૦૧૫ ના આદેશથી સદરહુ જમીનનું કુલ ક્ષેત્રફળ ૪૦૪૭ ચો.મી. પૈકી ૨૪૨૭ .મી. જમીનમાં રહેણાંકના હેતુ માટે શંકુતલાબેન મંગળભાઈ શ્રીમાળી વિગેરેએ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ આપવામાં આવેલ બીનખેતી પરવાનગી હુકમના આધારે આ જમીનનો બીનખેતી આકાર પ્રતિ ચો.મી. દીઠ રૂા.૦.૨૫/– ઠરાવેલ છે. જેથી ૨૪૨૭ ચો.મી. જમીનનો વાર્ષીક બીનખેતી આકાર રૂા.૬૦૭/– થાય છે. જે વર્ષ તા.૧/૮/૧૫ થી તા.૩૧/૭/૧૭ સુધી લાગુ પાડવામાં આવે છે જે બીનખેતી હુકમ /મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં આ જમીનનો ઉપયોગ કરવા માટે બીનખેતી પરવાનગી આપવામાં આવેલ છે જે હુકમની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૪૮૮૪ ની તા.૦૫/૦૩/૨૦૧૬ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૧૬) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ વાળી જમીનના ખાતેદારો પૈકી ચમાર કેવળભાઈ વાલજીભાઈનું તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો પરમાર સંતોકબેન તે કેવલભાઈ વાલજીભાઈની વિધવા, પરમાર જશોદાબેન કેવળભાઈ, સુર્યપાલ જીતેશકુમાર કેવળભાઈ, પરમાર મંજુલાબેન કેવળભાઈ, પરમાર હંસાબેન કેવળભાઈ, પરમાર ઈલાબેન કેવળભાઈ, પરમાર હેતલબેન કેવળભાઈનાઓ હોઈ તેઓના નામો

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT : G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



સદરહુ જમીનના રેકર્ડે વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૫૨૩૪ ની તા.૧૧/૦૧/૨૦૧૭ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૧૭) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ વાળી જમીનના ખાતેદારો પૈકી સંતોકબેન કેવળભાઈ પરમાર, જશોદાબેન કેવળભાઈ પરમારની દિકરી અને અમૃતભાઈની પત્ની, મંજુલાબેન કેવળભાઈ પરમારની દિકરી અને મહેન્દ્રભાઈ મકવાણાની પત્ની, હંસાબેન તે કેવળભાઈ પરમારની દિકરી અને જશવંતભાઈ મકવાણાની પત્ની, ઈલાબેન કેવળભાઈ પરમાર, હેતલબેન કેવળભાઈ પરમારનાઓએ તા.૦૯/૦૧/૨૦૧૭ ના રોજ નોટરી રૂબરૂ રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામથી સુર્યપાલ જીતેશકુમાર કેવળભાઈને લખી આપતા બીનઅવેજી હકક કમીના નોટરી સોગંદનામાથી તેઓના નામો કમી કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૫૨૮૪ ની તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૧૮) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ ની ૪૦૪૭ ચો.મી. કુલ જમીન ટી.પી. સ્કીમ નં. ૩ ફાઈનલ પ્લોટ નં. ૨૫૫, સીટી સ.નં.૪૭૨૦ ની ૨૪૨૭ ચો.મી. પૈકી ચમાર રમણભાઈ દુધાભાઈ, શ્રીમાળી શકુંતલાબેન મંગળભાઈના વ.વ.હીસ્સાની ૧૬૧૮ ચો.મી. રહેણાંક બીનખેતીની ખુલ્લી જમીન તેઓએ તા.૨૦/૦૯/૨૦૧૭ ના રોજ

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.

HEMANG B. PATEL ADVOCATE Gandhinagar



રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૩૬૯૮ થી સુર્યપાલ જીતેશકુમાર કેવળભાઈને વેચાણ આપતા વેચાણ લેનારનું નામ સદરહુ જમીનના રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૫૫૯૫ ની તા.૩૦/૦૧/૨૦૧૮ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

(૧૯) સદરહુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬, ટી.પી. સ્કીમ નં. ૩ ફા.પ્લોટ નં. ૨૫૫ (સી.સ.નં.૪૭૨૦) સ.નં. મુજબની ૪૦૪૭ ચો.મી. માંથી ૪૦ ટકા કપાત બાદ કરી ફા. પ્લોટની વરાડે પડતી ફાળવેલ ૨૪૨૭ ચો.મી. જમીન રહેણાંક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન સુર્યપાલ જીતેશકુમાર કેવળભાઈએ તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૬૮૧૬ થી તુલસી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના ભાગીદાર હીતેષભાઈ કમલેશભાઈ પટેલને વેચાણ આપતા વેચાણ લેનારના નામે દાખલ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૫૮૨૧ ની તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજ પડી પ્રમાણીત થયેલ છે.

સદરહુ બ્લોક/સર્વે નંબર વાળી જમીનના હાલના માલીકોએ સદરહુ જમીન અન્ય કોઈ ઈસમોને અન રજીસ્ટ્રર નોટરાઈઝ ડોકયુમેન્ટસથી લખી આપેલ છે કે નહીં જે સંબંધે અમોએ "સંદેશ" દૈનિક વર્તમાન પત્રમાં તા.૨૭/૦૬/૨૦૨૦ ના રોજ સદરહુ જમીનના ટાઈટલ સંબંધે એક જાહેર

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪
હેમાંગ બી. પટેલ
એડવોકેટ
ENROLMENT: G/2068/2013
રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



નોટીસ આપી સદરહુ જમીનમાં અન્ય કોઈ ઈસમનો કોઈપણ પ્રકારનો વાંધો યા તકરાર અગર હકક અધિકાર હોય તો સદરહુ જમીનના ટાઈટલ સામે લેખીતમાં વાંધા આપવા સંબંધે જણાવેલ જે આધીન અમો સમક્ષ આજદિન સુધી કોઈજ ઈસમે કોઈજ વાંધા મોકલી આપેલ નથી.

સદરહુ જમીન સંબધે અમોએ કલોલ સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરીમાં સને–૧૯૯૯ થી ૨૦૨૦ યાને છેલ્લા ૩૦ વર્ષની શોધ અરજી નંબર : ૬૪૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૦ ના રોજ હાથ ધરેલ જેમાં રજી. નં. ૩૬૯૮ નો તા.૨૦/૦૯/૨૦૧૭ ના રોજનો સુર્યપાલ જીતેશકુમાર કેવળભાઈની તરફેણનો માલીકી ફેરખત/વેચાણ, તથા રજી. નંબર : ૬૭૩ તા.૨૨/૦૧/૨૦૧૯ ના રોજનો સુર્યપાલ જીતેશકુમાર કેવળભાઈની તરફેણનો રીલીઝ તથા રજી. નં. ૬૮૧૬ તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજનો તુલસી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના ભાગીદાર હીતેષભાઈ કમલેશભાઈ પટેલની તરફેણનો માલીકી ફેરખત/વેચાણ મળી આવેલ છે અને સદરહુ જમીન અન્વયે સદરહુ જમીનના પ્રાપ્ત રેકર્ડ મુજબ કોઈ વાંધા જનક લખાણો કે બોજા રેકર્ડ ઉપર જણાઈ આવેલ નથી તેવા સંજોગોમાં અમો અમારૂ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ નીચે મુજબ આપીએ છીએ.

મો.૯૮૨૪૪ ૩૭૩૨૪

# હેમાંગ બી. પટેલ

એડવોકેટ

ENROLMENT : G/2068/2013

રહે. ૮, નીલદીપ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ.



## // ટાઈટલ સર્ટીફીકેટ //

ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે તાલુકે કલોલના મોજે ગામ કલોલની સીમના રેવન્યુ સર્વે નંબર : ૨૫૨/૨૭૬ ની ૪૦૪૭ ચો.મી. જમીનનો ઔડા ધ્વારા ટી.પી. સ્કીમ નં. ૩ માં સમાવેશ કરી ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૫૫ ની ૨૪૨૭ ચો.મી. રહેણાંક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીનના માલીક કબજેદાર ભોગવટેદાર તુલસી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના ભાગીદાર હીતેષભાઈ કમલેશભાઈ પટેલનાઓ છે તેમજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ઉપલબ્ધ તેમજ વંચાતા રેકર્ડ આધારે તથા સદરહુ જમીન અંગે રજુ થયેલ ૭×૧૨ તેમજ ૬–અ ની નોંધો વંચાણે લેતાં સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ જણાઈ આવે છે.

તારીખ :: ૨૮/૦૭/૨૦૨૦
સ્થળ :: ગાંધીનગર.

હેમાંગ બી. પટેલ
એડવોકેટ

HEMANG B. PATEL
ADVOCATE
Gandhinagar